IPL 2026 આજની મેચ CSK Vs PBKS ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: ચેન્નાઇ

ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
RR	1	1	0	0	2	4.171
RCB	1	1	0	0	2	2.907
MI	1	1	0	0	2	0.687
DC	1	1	0	0	2	1.397
PBKS	1	1	0	0	2	0.509
SRH	2	1	1	0	2	0.469
GT	1	0	1	0	0	-0.509
LSG	1	0	1	0	0	-1.397
KKR	2	0	2	0	0	-1.964
CSK	1	0	1	0	0	-4.171

ફિફાએ વર્લ્ડકપ ફૂટબોલ ફાઇનલ ટિકિટના ભાવ વધારીને 10,990 ડોલર કર્યા

ઝુરિચ, તા. 02 : અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં 11 જૂનથી શરૂ થનારી આ ટુર્નામેન્ટ માટે 48 ટીમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યા બાદ, ફિફાએ વર્લ્ડકપ ફૂટબોલ ટુર્નામેન્ટ માટે મહત્તમ ટિકિટ કિંમત વધારીને 10,990 ડોલર કરી દીધી છે. ડિસેમ્બરમાં ટુર્નામેન્ટના ડ્રો પછી જ્યારે ફિફાએ ટિકિટ વેચાણ માટે મૂકી, ત્યારે કેટેગરી 1 ટિકિટની કિંમત 8,680 ડોલર હતી. 19 જુલાઈના રોજ ન્યૂ જર્સીના ઈસ્ટ રૂથરફોર્ડ સ્થિત મેટલાઈફ સ્ટેડિયમ ખાતે યોજાનારી ફિફા કેટેગરી ૨ ની ફાઈનલની ટિકિટની કિંમત 5,575 ડોલરથી વધારીને 7,380 ડોલર કરવામાં આવી છે. તેવી જ રીતે, કેટેગરી 3 ની ટિકિટની કિંમત 4,185 ડોલરથી વધીને 5,785 ડોલર કરવામાં આવી છે બુધવાર રાત સુધીમાં, 72 ગ્રુપ સ્ટેજ મેચોમાંથી 17 ની ટિકિટ વેચાણ માટે ઉપલબ્ધ હતી, જ્યારે નોકઆઉટ સ્ટેજ મેચોમાંથી કોઈની ટિકિટ વેચાણ માટે ઉપલબ્ધ નહોતી. FIFA ફૂટબોલની સૌથી મોટી ટુર્નામેન્ટ માટે ગતિશીલ કિંમતનો ઉપયોગ કરી રહી છે. જે યુનાઇટેડ સ્ટેટ્સના 11 શહેરોમાં, મેક્સિકોના ત્રણ શહેરોમાં અને કેનેડાના બે શહેરોમાં રમાશે.

ઉમદા બોલિંગથી સનરાઈઝર્સે KKRને હરાવ્યું

મુઝારબાનીની ચાર વિકેટ છતાં ક્લાસેનની અર્ધસદીએ સનરાઇઝર્સને 226 રન સુધી પહોંચાડ્યું

227 રનના લક્ષ્યાંક સામે KKRનો 161 રનમાં વિંટો વળી જતાં સનરાઇઝર્સ 65 રને મેચ જીત્યું

કોલકાતા, તા. 02 : આઈપીએલમાં આજે ગુરુવારે અહીં રમાયેલી એક મેચમાં બ્લેસિંગ મુઝારબાનીના ચાર વિકેટ સાથેના પ્રભાવક બોલિંગ પ્રદર્શન છતાં હેનરિક ક્લાસેનની લડાયક અર્ધ સદીની મદદથી સનરાઈઝર્સ હૈદરાબાદે આઠ વિકેટે 226 રનનો સ્પર્ધાત્મક સ્કોર બનાવીને મૂકેલા 227 રનના લક્ષ્યાંક સામે કોલકાતા નાઈટ રાઈડર્સ માત્ર 161 રનમાં ઓલઆઉટ થતાં સનરાઈઝર્સે 65 રને જીત મેળવીને પોઈન્ટ ટેબલમાં પોતાનું ખાતું ખોલાવ્યું હતું.

લક્ષ્યાંક આંબવા મેદાને પડેલી કેકેઆરની ટીમને ફિન એલને 7 બોલમાં 28 રન ઝુડીને સારી શરૂઆત અપાવી હતી. જો કે તે આઉટ થયા પછી તેમની ઈનિંગ ધીમી પડી હતી અને નિયમિત સમયાંતરે વિકેટ ગુમાવતા રહેવાના કારણે તેઓ લક્ષ્યાંકથી ઘણાં દૂર રહ્યા હતા. તેમના વતી યુવા અંગક્રિશ રઘુવંશીએ 29 બોલમાં 52 રનની ઈનિંગ રમી હતી, તે સિવાય રિન્કુ સિંહે પણમ 35 રન બનાવ્યા હતા પણ તે પુરતા રહ્યા નહોતા, સનરાઈઝર્સ વતી જયદેવ ઉનડકટે ત્રણ જ્યારે ઈશાન મલિંગા અને નીતિશ રેડ્ડી એ 2-2 વિકેટ લીધી હતી.

અજિંક્ય રહાણેએ બોલિંગ કરવાનો નિર્ણય લીધા બાદ, સનરાઈઝર્સને ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ શરૂઆતમાં પ્રતિ ઓવર લગભગ 15 રનની ઝડપે રન બનાવી મોટા સ્કોર ભણી પ્રયાણ કર્યું હતું. ટ્રેવિસ હેડે 21 બોલમાં 46 રનની તોફાની ઈનિંગ રમીને ફોર્મમાં વાપસી કરી હતી, જ્યારે અભિષેક શર્માએ 21 બોલમાં 48 રન ફટકાર્યા હતા. આ બંનેએ માત્ર 34 બોલમાં 82 રનની શાનદાર ઓપનિંગ ભાગીદારી કરી હતી. જોકે, 8 ઓવરમાં એક વિકેટે 110 રનના સ્કોર સાથે મજબૂત સ્થિતિમાં રહેલી સનરાઈઝર્સે સાત રનમાં ત્રણ વિકેટ ગુમાવીને રિધમ પણ ગુમાવી હતી. જો કે તે પછી ક્લાસેન અને નીતીશ કુમાર રેડ્ડીએ બાજી સંભાળી હતી. નીતિશ આઉટ થયા પછી ક્લાસેનની સંયમિત અર્ધસદીની મદદથી ટીમે 220 રનના આંકડાને વટાવ્યો હતો. મુઝરબાનીએ અંતિમ ઓવરમાં 35 બોલમાં 52 રન કરનારા ક્લાસેન અને શિવાંગ કુમારની વિકેટ લઈને તેનો આંકડો 4/41 પર પહોંચાડ્યો હતો.

પંજાબ કિંગ્સ સામે આજે મજબૂત પ્રદર્શન કરવા પર CSKની નજર

રાજસ્થાન રોયલ્સ સામે પહેલી મેચ હારી ચુકેલી ચેન્નાઇ સુપર કિંગ્સ અભિયાન પાટે ચઢાવવા માગશે

સાંજે 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

ચેન્નાઈ, તા. 02 (પીટીઆઈ) : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં આવતીકાલે શુક્રવારે ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) પોતાના ગઢ એવા હોમ ગ્રાઉન્ડ પર પંજાબ કિંગ્સ સામે મેદાને ઉતરશે ત્યારે તેમણે આ મેચ જીતવા માટે રમતના દરેક વિભાગમાં મજબૂત પ્રદર્શન કરવું પડશે.

રાજસ્થાન રોયલ્સ સામેની તેમની પહેલી મેચમાં સીએસકેની શરૂઆત નિરાશાજનક રહી હતી. ગુવાહાટીમાં તેમની યુવા ટીમ કોઈપણ વિભાગમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગઈ અને કારમી હારનો સામનો કરવો પડ્યો. હવે તે હારને પાછળ છોડીને સીએસકે તેમના અભિયાનની નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરશે.

તાજેતરમાં પૂર્ણ થયેલા ટી-20 વર્લ્ડકપ દરમિયાન ચેન્નાઈની પીચના વર્તનને ધ્યાનમાં લેતા, તે બેટિંગ માટે સારી વિકેટ હોવાનું માનવામાં આવે છે. સીએસકે સ્ટાર મહેન્દ્ર સિંહ ધોની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો હોવાથી ગુવાહાટી ગયો ન હતો. જોકે, પંજાબ કિંગ્સ સામેની મેચ માટે તે ડગઆઉટમાં રહે તેવી શક્યતા છે, જે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ માટે નોંધપાત્ર ફાયદો હશે. સંજુ સેમસન સીએસકે માટે તેની પહેલી મેચમાં ખાસ પ્રભાવ પાડી શક્યો ન હતો અને તે સુધારો કરવા આતુર રહેશે. રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં સીએસકે ડેવાલ્ડ બ્રેવિસ વિના રમી રહ્યું હતું, અને તે સ્પષ્ટ નથી કે તે સાઈડ સ્ટ્રેનમાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો છે કે નહીં.

પંજાબ કિંગ્સની વાત કરીએ તો, તેમણે ગુજરાત ટાઈટન્સ સામે જીત મેળવવા માટે કેટલીક મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કર્યો. તેમને ઓસ્ટ્રેલિયાના કૂપર કોનોલીના રૂપમાં ત્રીજા નંબરનો વિશ્વસનીય બેટ્સમેન મળ્યો છે. તેમણે ટીમને ખરાબ શરૂઆતથી બહાર કાઢવામાં અને પાછલી મેચમાં વિજય મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પંજાબ કિંગ્સની બોલિંગ પણ મજબૂત દેખાય છે. અનુભવી સ્પિનર યુઝવેન્દ્ર ચહલે ટાઈટન્સ સામે પોતાની લાઈન અને ગતિ વિવિધતાથી પ્રભાવિત કર્યા. તેમણે મધ્ય ઓવરોમાં રન ફ્લોને રોકી અને બે મહત્વપૂર્ણ વિકેટ લીધી. તેમને ઝડપી બોલર વિજયકુમાર વૈશાખનો સારો સાથ મળ્યો.

શ્રીલંકન બોલર તુષારાએ IPLમાં રમવા માટે કોર્ટના હસ્તક્ષેપની માગ કરી

તુષારાએ કોલંબો ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કરીને SLCને એનઓસી જારી કરવાનો આદેશ આપવાની માગ કરી

કોલંબો, તા. 02 (પીટીઆઈ) : શ્રીલંકાના ઝડપી બોલર નુવાન તુષારાએ આજે ગુરુવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ચાલુ સીઝનમાં રમવા માટે કોર્ટમાં હસ્તક્ષેપની માગ કરી હતી. દેશના ક્રિકેટ બોર્ડે ફિટનેસ ટેસ્ટમાં નિષ્ફળ ગયા બાદ તેને નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપવાનો ઈનકાર કર્યો હતો.

તુષારાને આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) દ્વારા ખરીદવામાં આવ્યો હતો, તેણે કોલંબો ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કેસ દાખલ કરીને શ્રીલંકા ક્રિકેટ (એસએલસી) ને એનઓસી જારી કરવાનો આદેશ આપવાની માગ કરી છે. આ કેસની સુનાવણી ૯ એપ્રિલે થશે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, 2022 થી પોતાના દેશ માટે 30 T20 આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલા આ ખેલાડીએ દલીલ કરી છે કે એસએલસી સાથેનો તેનો કરાર 31 માર્ચે સમાપ્ત થયો છે અને તે તેને લંબાવવા માંગતો નથી. તુષારાએ કહ્યું કે તેણે એસએલસીને તેની ઈન્ટરનેશનલ કેરિયરનો અંત લાવવાની ઈચ્છા જણાવી હતી. તેણે કહ્યું કે કોર્ટે ફિટનેસ ટેસ્ટ પાસ કરવામાં નિષ્ફળ જવાને કારણે તેને એનઓસી ન આપવાના નિર્ણયને ઉલટાવી દેવો જોઈએ. એસએલસીએ રાષ્ટ્રીય ટીમમાં પસંદગી માટે ફિટનેસ ટેસ્ટ ફરજિયાત બનાવ્યો છે.

CAS દ્વારા પાકિસ્તાન વેઈટલિફ્ટિંગ ફેડરેશનના વડા અને કોચ પર આજીવન પ્રતિબંધ મૂકાયો

2014થી 2016 વચ્ચે સગીરો સહિતના દેશના રમતવીરોને પ્રતિબંધિત પદાર્થો આપવા બદલ આ પગલું ભરાયું

બોગસ મેડિકલ પ્રિસ્ક્રિપ્શન રજૂ કરનાર પાકિસ્તાની વેઈટલિફ્ટર અબુબકર ગની પર પણ ચાર વર્ષનો પ્રતિબંધ મૂકાયો

ઈરફાન બટ પર આજીવન પ્રતિબંધ લાદ્યો છે.

લુસાન, તા. 02 (એપી) : કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સના એન્ટી-ડોપિંગ ડિપાર્ટમેન્ટ (CAS ADD)એ 2014થી 2016 વચ્ચે સગીરો સહિતના દેશના રમતવીરોને પ્રતિબંધિત પદાર્થો આપવા બદલ સસ્પેન્ડ કરાયેલા પાકિસ્તાન વેઈટલિફ્ટિંગ ફેડરેશનના વડા હાફિઝ ઈમરાન બટ અને કોચ ઈરફાન બટ પર આજીવન પ્રતિબંધ લાદ્યો છે.

ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવાની શક્યતાઓને દૂર કરવા માટે નકલી મેડિકલ પ્રિસ્ક્રિપ્શન રજૂ કર્યા બાદ પાકિસ્તાની વેઈટલિફ્ટર અબુબકર ગની પર પણ ચાર વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાશ્કંદમાં 2021 વર્લ્ડ ચેમ્પિયનશિપ દરમિયાન ગનીનો પ્રતિબંધિત હોર્મોન અને મેટાબોલિક મોડ્યુલેટર 'ટેમોક્સિફેન મેટાબોલિટ' માટેનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો.

હાફિઝ અને ઈરફાનને દોષિત ઠેરવતા પોતાના ચુકાદામાં, CAS ADD એ જણાવ્યું હતું કે આ બે વ્યક્તિઓ સગીરો સહિતના પાકિસ્તાની ખેલાડીઓને પ્રતિબંધિત પદાર્થો (સ્ટીરોઈડ્સ સહિત) આપવામાં સીધી રીતે સંડોવાયેલા હતા અને પાકિસ્તાનમાં વ્યાપક ડોપિંગમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના વર્તનની પ્રકૃતિ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને, બંને પર સૌથી લાંબા સમયગાળા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જે આજીવન પ્રતિબંધ છે. આ પ્રતિબંધ લાદવામાં આવ્યા પછી, હાફિઝ ઈમરાન બટ અને ઈરફાન બટ બંનેને વર્લ્ડ એન્ટી-ડોપિંગ કોડના કોઈપણ સહીકર્તા દ્વારા અધિકૃત અથવા આયોજિત કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી પ્રતિબંધિત કરવામાં આવશે," એમ તેમાં જણાવાયું છે. ગયા વર્ષે નવેમ્બરમાં પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ દ્વારા ડોપિંગ વિરોધી નિયમોના ઉલ્લંઘન બદલ હાફિઝ અને ઈરફાન બંનેને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ગની પરનો ચાર વર્ષનો પ્રતિબંધ 6 માર્ચ, 2026 થી 5 માર્ચ, 2030 સુધી અમલમાં રહેશે.

દ.આફ્રિકાના રાસી વાન ડેર ડુસેનની ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ

ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી પણ રાસી તેની સ્થાનિક ટીમ લાયન્સ માટે રમવાનું ચાલુ રાખશે

દક્ષિણ આફ્રિકા વતી 18 ટેસ્ટ, 71 વનડે અને 57 ટી-20 રમી તેણે છ સદી અને 33 અર્ધસદી સહિત 4968 રન બનાવ્યા

જોહાનિસબર્ગ, તા. 02 (પીટીઆઇ) : દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન રાસી વાન ડેર ડુસેને આજે ગુરુવારે આ વર્ષના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર રહ્યા બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરીને સાથે જ કહ્યું કે તે તેની સ્થાનિક ટીમ, લાયન્સ માટે રમવાનું ચાલુ રાખશે.

જોહાનિસબર્ગના ૩૭ વર્ષીય વાન ડેર ડુસેન ગયા વર્ષે માર્ચથી દક્ષિણ આફ્રિકા માટે રમ્યો નહોતો. તેણે 2018માં 29 વર્ષની ઉંમરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને 18 ટેસ્ટ, 71 વનડે અને 57 ટી-20 ઈન્ટરનેશનલ મેચ રમી હતી.

વાન ડેર ડુસેને જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે હું ખૂબ જ ગર્વ અને કૃતજ્ઞતા સાથે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરું છું. દક્ષિણ આફ્રિકાની જર્સી પહેરવી એ એક સિદ્ધિ છે જે તમારી દ્રઢતા અને સમર્પણની કસોટી કરે છે અને તમને તેના માટે પુરસ્કાર આપે છે. દક્ષિણ આફ્રિકા માટે રમવું એ મારા રમતગમત કારકિર્દીનું સૌથી મોટું સન્માન રહ્યું છે. વાન ડેર ડુસેને 2018 માં ઝિમ્બાબ્વે સામેની ટી-20થી ઈન્ટરનેશનલ ડેબ્યુ કર્યું હતું અને ત્યારથી તે તમામ ફોર્મેટમાં એક ખેલાડી બની ગયો છે. તેણે વન ડેમાં ખાસ પ્રભાવ પાડીને 50 થી વધુની સરેરાશથી 2657 રન બનાવ્યા, જેમાં છ સદી અને 17 અડધી સદીનો સમાવેશ થાય છે.

રાસી વાન ડેર ડુસેનની કેરિયર આંકડાની નજરે

ફોર્મેટ	મેચ	રન	શ્રેષ્ઠ	એવરેજ	સ્ટ્રાઇક રેટ	100	50
ટેસ્ટ	18	905	98	30.16	40.74	0	6
વન ડે	71	2657	134	50.13	87.02	6	17
ટી-20I	57	1406	94*	33.47	128.75	0	10
ફર્સ્ટક્લાસ	138	8546	175	41.08	47.16	17	47
લિસ્ટ-A	169	6333	134*	46.56	79.69	14	38
ટી-20s	254	7295	112*	36.84	131.34	5	45

નાકામુરાએ ફિડેની ટીકામાં કહ્યું, શું અમે ઈરાનમાં મોસાદના એજન્ટ છીએ?

કેન્ડીડેટ્સ ટૂર્નામેન્ટમાં છેતરપિંડી વિરોધી કડક નિયમોની અમેરિકન ગ્રાન્ડ માસ્ટરે ટીકા કરી તેને વાહિયાત ગણાવ્યા



નવી દિલ્હી, તા.02 (પીટીઆઈ) : અમેરિકન ગ્રાન્ડમાસ્ટર હિકારુ નાકામુરાએ સાયપ્રસમાં ચાલી રહેલી કેન્ડિડેટ ટુર્નામેન્ટ દરમિયાન ઇન્ટરનેશનલ ચેસ ફેડરેશન (FIDE) ના કડક છેતરપિંડી વિરોધી પગલાંની આકરી ટીકા કરીને તેને 'સંપૂર્ણપણે વાહિયાત' ગણાવ્યા છે.

આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં લાગુ કરાયેલા છેતરપિંડી વિરોધી પગલાં વિશે પૂછવામાં આવતા તેણે નારાજગી વ્યક્ત કરી. નાકામુરાએ કહ્યું કે રમતના ક્ષેત્રની આસપાસ લગાવવામાં આવેલા સ્કેનર્સ અને મશીનોથી ખેલાડીઓને એવું લાગતું હતું કે તેઓ ઈરાનની અંદર કામ કરતા ઇઝરાયલી ગુપ્તચર એજન્સી મોસાદ એજન્ટો છે. તેમણે પોતાની યુટ્યુબ ચેનલ પર નોર્વેજીયન ગ્રાન્ડમાસ્ટર જોન લુડવિગ હેમર અને લક્ઝમબર્ગના વિમ ફ્રિયોના સ્ટીગ-એન્ટોની સાથેની વાતચીતમાં કહ્યું કે રમતમાં વિલંબ, બોર્ડ પર છેતરપિંડી વગેરે જેવી બાબતો પર મારો સામાન્ય મત એ છે કે મને લાગે છે કે તે સંપૂર્ણપણે બકવાસ છે. ખેલાડીઓને સ્કેન કરવા માટે રૂમમાં મશીનોની સંખ્યાને ધ્યાનમાં લેતા, મને લાગે છે કે તે સંપૂર્ણપણે બકવાસ છે. કેન્ડિડેટ્સ ઓપન કેટેગરીના આઠ ખેલાડીઓમાંથી એક, નાકામુરાએ કહ્યું કે ફિડેએ વાસ્તવિકતા સમજવી જોઈએ કારણ કે આટલા મજબૂત ખેલાડીઓ અને મોટી સંખ્યામાં અમ્પાયરો સાથે છેતરપિંડી કરવી અશક્ય છે. મને લાગે છે કે આ બધું એકદમ બકવાસ છે. એનો અર્થ એ નથી કે મને કોઈ ખાસ સમસ્યા છે, પરંતુ મને લાગે છે કે કેટલાક ખેલાડીઓએ વ્યક્ત કરેલી આશંકા પાયાવિહોણી છે.

પિતાની ટિપ્પણી પર યુવરાજે કહ્યું : હું ધોની-કપિલ દેવની માફી માગુ છું

પિતાના નિવેદનો પણ જાહેર પ્રતિક્રિયા આપવાનું ટાળતા યુવરાજે એક પોડકાસ્ટમાં ખુલીને વાત કરી



નવી દિલ્હી, તા. 02 : ભારતના બે વખતના વર્લ્ડકપ વિજેતા ખેલાડી યુવરાજ સિંહે દેશના વનડે વર્લ્ડકપ વિજેતા બે કેપ્ટન કપિલ દેવ અને એમએસ ધોનીની તેમના પિતા યોગરાજ સિંહ દ્વારા વર્ષોથી વારંવાર કરવામાં આવેલી ટિપ્પણી બદલ માફી માગી છે. સ્પોર્ટ્સ ટેક દ્વારા બહાર પાડવામાં આવેલા ટીઝર વીડિયોમાં યુવરાજે કહ્યું કે હું કપિલ દેવ અને એમએસ ધોનીની માફી માંગવા માગુ છું. યોગરાજ સિંહ વર્ષોથી ધોની પર નિશાન સાધતા આવ્યા છે, અને તેના પર યુવરાજને ભારતીય ટીમમાંથી બહાર કરવાનો આરોપ લગાવતા આવ્યા છે. તેમની ટિપ્પણીઓ એક પરિચિત પેટર્નને અનુસરીને વારંવાર અલગ અલગ સ્વરૂપોમાં ફરી આવી છે. જોકે, યુવરાજે મોટાભાગે આવા વિવાદોથી દૂર રહ્યો છે અને તેના પિતાના નિવેદનો પર જાહેરમાં પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. આ એપિસોડ, જે ટૂંક સમયમાં રિલીઝ થવાની અપેક્ષા છે, તે લાંબા સમય પછી યુવરાજના પ્રથમ વિગતવાર પોડકાસ્ટ દેખાવમાંનો એક હશે. બે મિનિટના ટીઝરમાં તે વિરાટ કોહલી, રોહિત શર્મા, સંજુ સેમસન, અભિષેક શર્મા, ઋષભ પંત અને કિશોરવયના પ્રતિભાશાળી વૈભવ સૂર્યવંશી સહિત વિવિધ ક્રિકેટ વિષયો પર વાત કરતા જોવા મળે છે.

શમીના પુનરાગમનની આ તો માત્ર શરૂઆત છે : પૂજારા

નવી દિલ્હી, તા. 02 : ભારતના માજી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ દિલ્હી કેપિટલ્સ સામેની આઈપીએલ મેચમાં લખનઉ સુપરજાયન્ટ્સ માટે સારી બોલિંગ કરનાર શમીની પ્રશંસા કરતા કહ્યું કે આ ઝડપી બોલરના પુનરાગમનની માત્ર શરૂઆત છે. ભારતીય ટીમમાંથી બહાર રહેલા શમીએ લખનઉ માટે પોતાના ડેબ્યૂમાં, પહેલા જ બોલ પર કેએલ રાહુલને આઉટ કર્યો, જેનાથી તે આઈપીએલના ઈતિહાસમાં પોતાના પહેલા જ બોલ પર પાંચ વખત વિકેટ લેનાર પ્રથમ બોલર બન્યો. દિલ્હી કેપિટલ્સ સામે શમીના પ્રદર્શન વિશે વાત કરતા પૂજારાએ સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું, આ આઈપીએલ સીઝન મોહમ્મદ શમી માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને તેણે દિલ્હી સામે સારા પ્રદર્શન સાથે ટુર્નામેન્ટની શરૂઆત જે રીતે કરી તે દર્શાવે છે કે તે સંપૂર્ણપણે તૈયાર છે. તેણે કહ્યું કે શમીએ ભલે 28 રન આપીને એક વિકેટ લીધી હોય, પરંતુ પાવર પ્લેમાં તેણે પોતાની ટીમને સારી શરૂઆત આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

હજીરા કાંઠા પ્રીમીયર લીગનું ભવ્ય આયોજન : વાંસવા વોરિયર્સ બન્યું ચેમ્પિયન

સુરત : હજીરા કાંઠા વિસ્તારના યુવાનોને ટેનિસ ક્રિકેટ ક્ષેત્રે એક ઉત્કૃષ્ટ પ્લેટફોર્મ મળી રહે તેવા ઉમદા હેતુથી દામકા ગામના 'સાઇ બર્બરિક યુવક મંડળ' દ્વારા એક શાનદાર ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળીના પ્રમુખ દીપકભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દામકા ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ટુર્નામેન્ટમાં કાંઠા વિસ્તારના 13 ગામોના અંદાજે 156 જેટલા ઉત્સાહી યુવાનોની 12 ટીમોએ આ લીગમાં ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની ફાઈનલ વાંસવા વોરિયર્સ અને પાલ પેન્થર્સ વચ્ચે રમાઈ હતી. જેમાં વાંસવા વોરિયર્સ 8 ઓવરમાં 5 વિકેટે 103 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. જેની સામે પાલ પેન્થર્સની ટીમ 8 ઓવરમાં 7 વિકેટે 83 રન જ બનાવી શકી હતી. વિજેતા ટીમ વાંસવા વોરિયર્સને રૂ.1,11,111નું રોકડ ઇનામ જ્યારે રનર્સઅપ પાલ પેન્થર્સને રૂ. 71,111/- રોકડ પુરસ્કાર અપાયો હતો.

આજનું પંચાંગ

તા. 03/04/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ચૈત્ર
તિથિઃ વદઃ એકમઃ 08:43, બીજ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્રઃ 13 **યોગ :** વ્યાઘાત
કરણઃ તૈતિલ **નક્ષત્ર :** ચિત્રાઃ 19:25
રાશિઃ તુલા (ર,ત)
દિવસ : શુભ- ભગવાનશ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ, ગુડફ્રાઈડે
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1395 આવા માસનો 22મો રોજ
મુસલમાન વર્ષ : 1447 શવ્વાલ માસનો 14મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
રાત્રિનાં ચોઘડિયાંઃ રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારેઃ- 10:30 થી 12:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): દાંપત્ય જીવનમાં ઉત્સાહ અને તાલમેળ જોવા મળશે. રોજની આવક વધે. ધંધા માટે નવી યોજના પાર પડે.

વૃષભ (બ,વ,ઉ,): વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નોકરીમાં નવી તક ઊભી થાય. સરકારી નોકરિયાતને અનુકૂળતા રહે. ખર્ચા વધે.

મિથુન (ક,છ,ઘ,): પ્રેમ વિવાહની અચાનક ઓફર આવી શકે. શેર બજારમાં પ્રગતિ થાય. સંતાનોનાં કામમાં મદદ મળે.

કર્ક (ડ,હ,): ઘરમાં નવા ફેરફાર થાય. બહારનાં કામમાં મદદ મળે. વડીલોની મદદ વારસા બાબતે મળે. આવક વધે.

સિંહ (મ,ટ,): ઉત્સાહજનક સમાચાર મળે. અટકેલા કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ,): ખાણી-પીણી, મોજ-શોખ- દલાલી માર્કેટીંગ જેવા કામમાં સફળતા મળે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

તુલા (ર,ત,): મન અતિક્રિયાશીલ અને રોમેન્ટીક રહે. સમાજમાં સાવધાની રાખવી. અચાનક ઈચ્છિત મુલાકાત થાય.

વૃશ્ચિક (ન,ય,): મોજ-શોખ માટે પ્રવાસ થાય. વિદેશનો કામમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રાનું આયોજન કરનારને તક મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં સહકાર મળે. આવક વધે. ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ મળે. મન અશાંત.

મકર (ખ,જ,): ધંધા-વેપારમાં નવા સોદા અને નવા આયોજન પાર પડે. સમાજમાં યશ મળે. નોકરીમાં સામાન્ય રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): જીવન સાથીના કામમાં મદદરૂપ બનશો. ઘર પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. ધર્મ-કર્મ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): અચાનક આવક વધારવાની યોજના પાર પડે. ગુપ્ત ભય સતાવે. સરકારી કામમાં પ્રગતિ થાય.

કોઈ પણ સાલમાં 03 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષમાંથી નવી તકો પેદા કરનાર રહેશે. સમાજ પરિવાર નોકરી-ધંધા-વ્યવસાય વગેરેમાં હરીફોની દખલગીરી રહેશે. આર્થિક બાબતે સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. ટેક્નોલોજીનો લાભ મળે. વિદ્યાર્થીઓને ઈચ્છીત વાતાવરણનો અનુભવ વધે. સમાજ, કાયદા, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલો મદદરૂપ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદેશના કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રોની મદદ અવાર-નવાર મળતી રહે. યાત્રા- પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. નવા રોકાણમાં મદદ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર ડીસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3,12, 21, 30 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. પીળો, સોનોરી, જાંબલી રંગ ઉપયોગમાં લેતા રહેવુ. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20,29 તારીખ નવા કામમાં ટાળવી. લાલ અને ભુરા રંગનો ઉપયોગ ટાળવો.

સુડોકુ ૭૨૪૬

૪	૮	૫	૩	૬		૯	૨	
૨	૧	૩		૯		૮	૭	
	૭	૬	૨	૧	૮			
		૨	૭				૮	
	૩			૨	૧	૪		૫
	૪				૩	૨	૧	
૫								૯
૭						૫		
૩			૯		૨	૭		

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

બાળકને અતિસાર

અતિવિષની કળી, વાળો, નાગરમોથ, સૂંઠ, ઈંદ્રજવ દરેક 20 ગ્રામ લઇ યવ કુટ, દોદરૂં કરવું. તેમાંથી દશ ગ્રામ ચૂર્ણ એક માટીના ઘડામાં સવા લિટર પાણી સાથે ઉકળવા મૂકો. 250 મીલી પાણી બાકી રહે ત્યારે ચૂલો બંધ કરી ઠરવા દો. કપડાં થી ગાળી બોટલમાં રાખો. દિવસમાં ચાર વાર વીસ, વીસ મીલી પાવ. બપોરે થોડી મોળી છાશ આપો.